# જાહેરનામું

## ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૩૩(૧) આર (iii) તથા ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનીયમની કલમ-૧૪૪ મુજબ કાઢેલ હુકમ

નં. વિશા/એ સેકશન/પરમીટ/૨૯/૨૦૧૯
પોલીસ કમિશનરની કચેરી, વિશેષ શાખા,
શાહીબાગ, અમદાવાદ શહેર. તા૨૦/૩/૨૦૧૯

ભારતના ચુંટણીપંચ દ્વારા લોકસભા સામાન્ય ચુંટણી-૨૦૧૯ તા.૨૩/૦૪/૨૦૧૯ ના રોજ યોજાનાર છે. જે અન્વયે ચૂંટણી જાહેરાતની તારીખથી શરૂ થતા અને ચૂંટણી પરિણામની તારીખ પુરી થતા સમગ્ર ચુંટણીગાળા દરમ્યાન ચૂંટણી પ્રચારના કોઈપણ હેતુ માટે કોઈપણ પ્રકારના વાહનો પર ગોઠવેલ કે જાહેર સભાના હેતુ માટે સ્થાયી સ્થિતિમાં ગોઠવેલ લાઉડ સ્પીકરના ઉપયોગ બાબતે ભારતના નિર્વાચન આયોગે બંધારણની કલમ-૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ આપેલ આદેશમાં આપેલ સુચનાઓ મુજબ ચૂંટણી જાહેર થયા પછી લાઉડ સ્પીકરના ઉપયોગ ઉપર નિયંત્રણ રાખવા જણાવેલ છે.

ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન રાજકિય પક્ષો, ઉમેદવારો અને તેના કાર્યકર્તાઓ, સમર્થકો, ચૂંટણીપ્રચાર ઝુંબેશ માટે લાઉડ સ્પીકરોનો ઉપયોગ મોટા પાયે કરે છે. પ્રચાર માટે ઉંચા અવાજે લાઉડ સ્પીકરોના ઉપયોગના કારણે ખુબ જ ધ્વનિ પ્રદુષણ પેદા થાય છે અને આમ જનતાની શાંતીમાં ખલેલ પહોંચે છે. જેથી ચૂંટણીપ્રક્રિયા દરમ્યાન બેફામ અને મનસ્વી રીતે લાઉડ સ્પીકર વગાડવા ઉપર પ્રતિબંધ મુકવાનું જરૂરી છે.

હું એ. કે. સિંઘ, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૩૩(૧) આર (iii) તથા ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનીયમની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે,

<u>સમગ્ર અમદાવાદ શહેરની હકુમત હદ વિસ્તારમાં નીચે મુજબના પ્રતિબંધાત્મક આદેશ કરવામાં આવે છે.</u>

(૧) કોઈપણ પ્રકારના લાઉડ સ્પીકરનો ઉપયોગ સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી મેળવીને સવારના ૬:૦૦ કલાક થી રાત કલાક ૨૨.:૦૦ સુધી જ થઈ શકશે.

(૨) ચૂંટણીપ્રચાર માટે જાહેર મંચ ઉપર અથવા મોટર વ્હિકલ એકટ હેઠળના સક્ષમ અધિકારીશ્રીની નિયમોનુસારની પરવાનગી મેળવ્યા સિવાય કોઈપણ પ્રકારના વાહન પર ચૂંટણીપ્રચાર દ્વારા લાઉડ સ્પીકરના ઉપયોગ માટે સબંધિત ચૂંટણીઅધિકારીશ્રી/મદદનીશ ચૂંટણીઅધિકારીશ્રી પાસેથી નિયત નમુનામાં અરજી કરીને વાહન પરમીટ પ્રથમ લેવાની રહેશે તથા વાહન પરમીટના હુકમમાં જણાવેલ તમામ શરતોનુ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૩) કોઈપણ પ્રકારના લાઉડ સ્પીકરના ઉપયોગ માટે પરવાનગી/પરમીટ મેળવ્યા પછી તેનો ઉપયોગ કરનારે તે વિસ્તારના પોલીસ મથકને અને સંબધિત મતદાર વિભાગના ચૂંટણી અધિકારીશ્રીને તથા મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીને ઉપયોગ કરતાં પહેલા લેખિતમાં જાણ કરવાની રહેશે.

(૪) લેખિત પરવાનગી વગર કોઈપણ પ્રકારના લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવામાં આવશે તો, ઉપયોગમાં લેવાયેલ લાઉડ સ્પીકર તથા લાઉડ સ્પીકર મુકવા માટે ઉપયોગમાં લેવાયેલ તમામ સાધન કે ઉપકરણો જપ્ત કરવામાં આવશે.

(૫) કોઈપણ મતદાન વિસ્તારમાં મતદાન સમાપ્ત કરવા માટે નિયત કરવામાં આવેલા સમયના ૪૮ કલાક પહેલાના સમયગાળા દરમ્યાન કોઈપણ પ્રકારના લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવાનો રહેશે નહી.

આ હુકમ અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારને લાગું પડશે.

આ હુકમ તારીખ તા.૨૫.૦૩.૨૦૧૯ ના કલાક ૦૦.૦૦ થી તા.૦૮.૦૪.૨૦૧૯ ના કલાક ૨૪.૦૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અનુક્રમે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ તથા આઇ.પી.સી. કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા સ્પેશિયલ/સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પો.સ.ઇ. સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે આઇ.પી.સી. કલમ-૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની નિર્દિષ્ટ કરેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ નકલો ચોંટાડીને તથા સ્થાનીક વર્તમાન પત્રો દ્વારા પ્રસિધ્ધિ કરાવવી, તેમજ આકાશવાણી અને દુરદર્શન ઉપરથી જાહેરાત કરાવવી.

આજ તારીખ-૨૦/03/૨૦૧૯ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા..

(એ. કે. સિંઘ )
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

<u>નકલ સવિનય રવાના:-</u>

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિદેશક અને મુ.પો.અધિ.શ્રી ગુ.રા.ગાંધીનગર.
(૩) પો.મહાનિદેશકશ્રી (ઈન્ટે.) ગુ.રા.ગાંધીનગર.
(૪) મ્યુનિસિપલ કમિશનરશ્રી અમદાવાદ શહેર.
(૫) કલેકટરશ્રી અમદવાદ/જીલ્લા ચૂંટણી અધિકારી અમદાવાદ શહેર/ગાંધીનગર.
(૬) નિયામકશ્રી માહીતી ખાતુ ગુ.રા.ગાંધીનગર.
(૭) રજીસ્ટ્રારશ્રી હાઈકોર્ટ મીરજાપુર અમદાવાદ
(૮) રજીસ્ટ્રારશ્રી સિવીલ અને સેશન્સ કોર્ટ અમદાવાદ
(૯) રજીસ્ટ્રારશ્રી સેશન્સ કોર્ટ મીરજાપુર અમદાવાદ
(૧૦) ચીફ મેટ્રોપોલીટન મીજીસ્ટ્રેટશ્રી અમદાવાદ શહેર.
(૧૧) જીલ્લા ચૂંટણી અધિકારીશ્રી અમદાવાદ કલેકટર કચેરી સુભાષબ્રિજ સર્કલ પાસે, સાબરમતી
(૧૨) મુખ્ય ચૂંટણી અધિકારીશ્રી ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

<u>નકલ રવાના :-</u>

(૧) સ્પેશિયલ/અધિક પોલીસ કમિ.શ્રી સેક્ટર-૧,૨ અમદાવાદ શહેર.
(૨) સંયુક્ત પોલીસ કમિ.શ્રી ક્રાઇમબ્રાંચ/ટ્રાફિક શાખા, અમદાવાદ શહેર.
(૩) તમામ નાયબ પોલીસ કમિ.શ્રી અમદાવાદ શહેર
(૪) તમામ અધિક નાયબ પોલીસ કમિશનરશ્રી/મદદનીશ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.
(૫) મેનેજરશ્રી ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેજેટ ભાગ-૧ માં પ્રસિધ્ધિ કરવા સારૂ.
(૬) સીનીયર સરકારી વકીલશ્રી અમદાવાદ શહેર.
(૭) જનસંપર્ક અધિકારીશ્રી (સ્થાનીક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરાવવા સારૂ.)
(૮) તમામ પો.ઈન્સ.શ્રીઓ અમદાવાદ શહેર (જાહેર જગ્યાઓએ નકલો ચોટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ. )
(૯) પોલીસ ઈન્સ.શ્રી અમદાવાદ રેલ્વે પો.સ્ટે.
(૧૦) પોલીસ સબ ઈન્સ.શ્રી સાબરમતી રેલ્વે.પો.સ્ટે.